NavGujarat Samay, Date: 14.04.2018, Page No.4



# JICAના ચીફ અમદાવાદ મેટ્રોની વિવિધ સાઇટ્સની મુલાકાતે

નવગુજરાત સમય

**અમદાવાદ શહેરના** વિકાસના અતિ મહત્ત્વકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ ફેઝનું ફંડિંગ જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી (JICA) દ્વારા કરાયું છે. JICAના ચીફ ટાકેમા સાકા મોટો શુક્રવારે અમદાવાદ ખાતે ચાલી રહેલા મેટ્રોના કામની વિવિધ સાઇટ્સની મુલાકાતે આવ્યા હતા. તેમણે કાલુપુર ખાતે ટનલ બોરિંગ મશીનનું લોન્ચિંગ પણ કર્યું હતું. મેગા કં.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર આઇ.પી.ગૌતમની સાથે ટાકેમાએ વિવિધ સાઇટ્સની મુલાકાત લઇ ચાલી રહેલા કામનું નિદર્શન કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓ કાલુપુર, આર.સી. ટેકનિકલ, એપેરલ પાર્ક ડિપો અને એપેરલ પાર્ક સ્ટેશનની મુલાકાતે પહોંચ્યા હતા. તેમનું માનવું હતું કે,'મેટ્રો રેલ પ્રોજેક્ટથી શહેરની ટ્રાફિકની સમસ્યાનું સમાધાન થશે. એટલું જ નહીં નાગરિકોને પરિવહન માટેનું નવું વિકલ્પ મળી રહેશે અને તે શહેરના વેપાર-વાણિજ્યને પણ વેગ આપશે.' ટાકેમાએ કાલુપુર મેટ્રો સ્ટેશનની મુલાકાત પણ લીધી હતી. જ્યાં તેમણે કાલુપુર મેટ્રો ઇન્ટગ્રેશન પ્લાનને નિહાળ્યો હતો.